જા.નં./મા-૨/શિક્ષક તાલીમ/૨૦૨૧/15102
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બી-૧, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૦૧/૧૨//૨૦૨૧

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

(એચ.એચ. રાજ્યગુરૂ)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને બિન ગ્રાન્ટેડ મા.અને ઉ.મા. શાળાઓ તરફ.
જિ સુરત

ખૂબ અગત્યનું

ક્રમાક ૮૦-સજય-ગ-૨૦૨૧-૨૨-૧૬૪૦-૭૪

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોક નં-૯/૧ ડૉ જીવરાજ મહેતા ભવન

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

તારીખ- ૦૧/૧૨/૨૦૨૧

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

વિષયઃ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોને નિષ્ઠા 2.0 શિક્ષક તાલીમના ૧ થી ૧૨ ના કોર્સમાં જિલ્લાના તમામ શિક્ષકોને જોડવા બાબત

શ્રીમાન,

એન.સી.ઇ.આર.ટીના દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોને NISHTHA 2.0 (National Initiative For School Heads' and Teachers' Holistic Advancement) તાલીમ આપવાનું ઓગષ્ટ ૨૦૨૧ થી આયોજન થયેલ છે. નિષ્ઠા સેકન્ડરી કોર્સમાં શિક્ષકો અને આચાર્યોએ કુલ ૧૩ કોર્સની તાલીમ ઓનલાઇન મોડથી દીક્ષા પ્લેટફોર્મ પર મેળવવાની હતી. આ તાલીમના ૧ થી ૧૨ કોર્સ નવેમ્બર માસમાં પુર્ણ થયેલ છે. રાજયના સરેરાશ ૮૦ ટકા શિક્ષકોએ જ રજીસ્ટ્રેશન થયેલ છે.

આપ જાણો છો તે મુજબ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત તમામ શિક્ષકોએ વર્ષ દરમિયાન 50 કલાકની CPD (Continuous Proficiency Development) તાલીમ મેળવવાની રહે છે. તેમજ આ 50 કલાકની CPD એ PGI (Performance Grading Index) નો ભાગ બને છે. જેને આધારે રાજયનો PGI નક્કી થાય છે. જો રાજયના ૧૦૦ ટકા શિક્ષકો આ તાલીમમાં ન જોડાય કે ઓછા જોડાય તો તેની સીધી અસર PGI પર થાય છે અને જેને કારણે રાજયનો ગ્રેડ આવનારા વર્ષોમાં નીચો રહેવાની સંભાવના રહેલી છે.

આ બાબતની ગંભીરતા જોતાં આપના જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓના ૧૦૦ ટકા શિક્ષકો નિષ્ઠા તાલીમ મેળવી અને પ્રમાણપત્ર મેળવે તે હેતુસર એનસીઇઆરટી દ્વારા ડિસેમ્બર ૨૦૨૧ માં કોર્સ ૧ થી ૬ અને જાન્યુઆરી ૨૦૨૨ માં કોર્સ ૭ થી ૧૨ ફરીવાર નિષ્ઠા પોર્ટલ પર ખુલ્લાં મુકાનાર છે. જે શિક્ષકોનો કોર્સ અધુરો છે, કોર્સમા જોડાયા નથી કે મૂલ્યાંકનમાં સફળ ન થવાને કારણે સર્ટીફીકેટ મેળવી શકયાં નથી તેમના માટે આ આખરી તક છે.

આ બાબતને ધ્યાને લેતાં રાજયની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના તમામ માધ્યમના તમામ શિક્ષકો અને આચાર્યો નિષ્ઠા- ૨.૦ તાલીમમાં ઓનલાઇન દીક્ષા પ્લેટફોર્મના માધ્યમથી કોર્સમાં જોડાય તે સુનિશ્ચિત થાય તે માટે આપની કક્ષાએથી જરૂરી

Scanned with CamScanner

પરિણામલક્ષી આયોજન કરવા નીચેના કોષ્ટક મુજબના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આથી ખાસ જણાવવામાં આવે છે.

| સરેરાશ નામાંકન | જિલ્લાનું નામ |
|---|---|
| ૫૦ ટકા કરતાં ઓછું નામાંકન | રાજકોટ , મોરબી |
| ૬૦ ટકા કરતાં ઓછું નામાંકન | સુરત, જૂનાગઢ અને ગીરસોમનાથ |
| ૭૦ ટકા કરતાં ઓછું નામાંકન | બોટાદ, પોરબંદર, બનાસકાંઠા, ભાવનગર, વડોદરા, દેવભૂમિદ્વારકા અને જામનગર |
| ૮૦ ટકા કરતાં ઓછું નામાંકન | કચ્છ, દાહોદ, ખેડા, સુરેન્દ્રનગર, ગાંધીનગર, અમરેલી અને અમદાવાદ |
| ૯૦ ટકા કરતાં ઓછું નામાંકન | વલસાડ, છોટાઉદેપુર, પંચમહાલ, ભરૂચ, મહેસાણા, નર્મદા, સાબરકાંઠા, અરવલ્લી અને પાટણ |

ઉપરોકત કોષ્ટક મુજબના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પોતાના જિલ્લાના ૧૦૦% શિક્ષકો તાલીમ મેળવે તે માટે નોડલ અધિકારી(વર્ગ-૨) અને તમામ SVS ના કન્વીનરશ્રીઓને ભારપૂર્વક જણાવવું. જે માટે અત્યારે જેને ઓનલાઇન તાલીમ મેળવવાની બાકી છે તે મેળવે અને જેને રજીસ્ટ્રેશન બાકી છે તે શિક્ષકો ડિસેમ્બર-૨૦૨૧ અને જાન્યુઆરી -૨૦૨૨માં ફરીવાર નિષ્ઠા પોર્ટલ ખૂલે ત્યારે તેમાં જિલ્લાના બાકી તમામ શિક્ષકો તાલીમમાં જોડાઇ પ્રમાણપત્રો મેળવે તે અંગે અગાઉથી પૂર્વાયોજન કરી તેની જાણ સચિવશ્રી-GCERTને કરવા આથી આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.આ કામગીરીમાં જિલ્લાની તે સમયની સ્થિતિને. આધારે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવશે, તે બાબત ધ્યાન લેશો.

(વાય.એચ.પટેલ)
નાયબ શિક્ષણ નિયામક
(માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી

(વી.આર.ગોસાઇ)
નાયબ શિક્ષણ નિયામક
(મહેકમ)
કમિશનર શાળાઓની કચેરી

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

- માન.કમિશનરશ્રી, શાળાઓ, ગાંધીનગર
- માન.નિયામકશ્રી (GCERT), સેકટર-૧૨,ગાંધીનગર

Scanned with CamScanner